GJAH220414262021

રજુ તારીખ	૧૫	૩	૨૦૨૧
દાખલ તારીખ	૩	૪	૨૦૨૧
ફેસલ તારીખ	૦૬	૦૬	૨૦૨૬
સમયગાળો	દિવસ	માસ	વર્ષ
	૨૨	**૦૨**	**૦૫**

17th Additional Chief Judicial Magistrate Court, (Spe. N.I. Court No. 48) Ahmedabad City.

ફોજદારી કેસ નં. ૩૮૯૦૮/૨૦૨૧

આંક–૩૫

ફરીયાદી	**શિવમ મેડીકલ સ્ટોરના માલિક** **હરેશ કાંતિભાઇ પટેલ** રહે. પી–૪૦૪, ભકિત એન્કલેવ, સરદાર પટેલ રોડ, ભકિત સર્કલ, નિકોલ, અમદાવાદ.
ફરીયાદપક્ષે :	વિ. વકીલશ્રી પ્રશાંત એસ. કામલે વિ. વકીલશ્રી એન. ડી. વાટવેશા
વિરુધ્ધ...	
આરોપી	**J.P.Frution and JPFX Asset Managment** (ઠે. ૬૦૨, સફલ પ્રીલ્યુડ, પ્રહલાદનગર, અમદાવાદ) કંપનીના ડાયરેકટર, **૧) પુર્વેશ ગીરીશચંદ્ર શાહ** **૨) સેજલ પુર્વેશ શાહ**

	~~૩) જીનેશ પુર્વેશ શાહ~~ (નામદાર હાઈકોર્ટે સદર આરોપી નં.૩ સામેની ફરીયાદ કવોસ કરતો હુકમ કરેલ છે) **૪) રવિ અંધારીયા** રહેવાસી : નં.૧, ૨ : બી/૮૦૧, અગ્રવાલ એપાર્ટમેન્ટ, સેટેલાઇટ, અમદાવાદ. નં. ૪ : ડબલ્યુ-૩૦૩, સ્વામીનારાયણ પાર્ક-૧, વાસણા, અમદાવાદ. ઓફીસ : ઠે. ૨૦૭/૩, સેકન્ડ ફલોર, રુદ્ર કોમ્પ્લેક્ષ, કલ્યાણ જવેલર્સ પાસે, છદાવડ પોલીસ ચોકી સામે, અમદાવાદ.
આરોપીપક્ષે :	આરોપી નં.૧, ૨ તરફે વિ. વકીલશ્રી : સી. આર. રાજપુત આરોપી નં. ૪ તરફે વિ. વકીલશ્રી : જી. જી. પઠાણ

ગુન્હો :	**ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબ ફરીયાદ.**

FORM-B

ગુન્હાની તારીખ	૧૩/૨/૨૦૨૧
પ્રથમ બાતમી અહેવાલની તારીખ	લાગુ પડતુ નથી.
'આખરી અહેવાલ/ફરીયાદ' રજુ થયાની તારીખ	૧૫/૩/૨૦૨૧
પ્લી લીધા તારીખ	આરોપી નં.૨ અને ૩ : ૭/૧૦/૨૦૨૧ આરોપી નં. ૪ : ૧૨/૧૧/૨૦૨૧
પુરાવો શરુ કર્યા તારીખ	૧૨/૧૧/૨૦૨૧
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૨૫/૫/૨૦૨૬
ચુકાદાની તારીખ	૬/૬/૨૦૨૬
આખરી હુકમ	**નિર્દોષ ઠરાવતો હુકમ**

:: આરોપીની વિગત (આરોપી નં.૧) ::

આરોપી નંબર	૧ (એક)
આરોપીનુ નામ	**પુર્વેશ ગીરીશચંદ્ર શાહ**
ધરપકડ ની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાયેલ ગુન્હાની વિગત	ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૩૮ મુજબ
શુ નિર્દોષ ઠરાવ્યા/ સજા કરી	**નિર્દોષ ઠરાવતો હુકમ**
આપવામાં આવેલ સજા	–
ફો.કા.સં. કલમ– ૪૨૮ અન્વયે ઇન્સાફી કાર્યવાહી ના સમયગાળા દરમ્યાન થયેલ અટકાયતનો સમયગાળો	–

:: આરોપીની વિગત (આરોપી નં.૨) ::

આરોપી નંબર	૨ (બે)
આરોપીનુ નામ	**સેજલ પુર્વેશ શાહ**
ધરપકડ ની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાયેલ ગુન્હાની વિગત	ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૩૮ મુજબ
શુ નિર્દોષ ઠરાવ્યા/ સજા કરી	**નિર્દોષ ઠરાવતો હુકમ**
આપવામાં આવેલ સજા	–
ફો.કા.સં. કલમ– ૪૨૮ અન્વયે ઇન્સાફી કાર્યવાહી ના સમયગાળા દરમ્યાન થયેલ અટકાયતનો સમયગાળો	–

:: આરોપીની વિગત (આરોપી નં.૩) ::

આરોપી નંબર	૪ (ચાર)
આરોપીનુ નામ	**રવિ અંધારીયા**
ધરપકડ ની તારીખ	–
જામીન મુકત કર્યાની તારીખ	–
આક્ષેપાયેલ ગુન્હાની વિગત	ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૩૮ મુજબ

શુ નિર્દોષ ઠરાવ્યા/ સજા કરી	**નિર્દોષ ઠરાવતો હુકમ**
આપવામાં આવેલ સજા	–
ફો.કા.સં. કલમ– ૪૨૮ અન્વયે ઇન્સાફી કાર્યવાહી ના સમયગાળા દરમ્યાન થયેલ અટકાયતનો સમયગાળો	–

FORM-C

:: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાક્ષીની વિગત ::

(એ) ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–			
ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
૧	સાહેદ હરેશ કાંતિભાઇ પટેલ	ફરીયાદી	૪

(બી) આરોપી પક્ષ (આરોપી નં.૧, ૨) તરફે મૌખિક પુરાવો :–			
ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
૧	પ્રહર હરીશભાઇ ચાવડા (બેંક ઓફ ઇન્ડિયા શ્યામલ ક્રોસ રોડ શાખાના બેંક એડમીન મેનેજર)	બેંક મેનેજર	૨૯

(સી) અદાલત/કોર્ટના સાહેદ (જો હોય તો) :–			
ક્રમ	સાહેદનુ નામ	પુરાવાનો પ્રકાર (Eye Witness, Police Witness, etc.)	આંક
–	–	–	–

:: ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજની વિગત ::

(એ) ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–		
ક્રમ	આંક	દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન
૧	૧૨	ફરીયાદીના બેંક ખાતાના સ્ટેટમેન્ટની નકલ
૨	૧૩	ફરીયાદીના પત્નિના બેંક ખાતાના સ્ટેટમેન્ટની નકલ
૩	૧૪	ચેક નં. ૦૬૮૩૯૩
૪	૧૫	ચેક નં. ૦૬૮૩૯૩ નો રીટર્નમેમો

૫	૧૬	ચેક નં. ૦૬૮૩૯૩ નો રીટર્નમેમો
૬	૧૭	ડિમાન્ડ નોટીસ ની ઓફીસ કોપી
૭	૧૮	રજીસ્ટર એડી કર્યાની પોસ્ટ ખાતાની રસીદ
૮	૧૯ થી ૨૨	ડિમાન્ડ નોટીસ મળ્યા અંગેની એકનોલેઝમેન્ટ
૯	૨૩	રજીસ્ટર એડી નોટીસ પરત આવ્યાનું અસલ કવર
૧૦	૨૪	ડિમાન્ડ નોટીસનો જવાબ (આરોપી નં.૧ થી ૩ તરફથી)
૧૧	૨૫	ડિમાન્ડ નોટીસનો જવાબ (આરોપી નં.૪ તરફથી)
૧૨	૨૬	કંપનીના પોર્ટફોલીયો ની નકલ

(બી) આરોપી પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :- (આરોપી નં.૧, ૨ તરફે)		
ક્રમ	આંક	દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન
૧	૩૦	'J. P. Fruition' ના બેંક એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ તથા કે.વાય.સી. દસ્તાવેજ ની નકલ.

(સી) અદાલત / કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવો :-		
ક્રમ	આંક	દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન
-	--	--

(ડી) સામગ્રીની વસ્તુઓ :-		
ક્રમ	આંક	દસ્તાવેજની વિગત/ પુરાવાનું વર્ણન
૧	-	--

:: JUDGEMENT ::

<u>કેસ/ફરીયાદ હકીકત :-</u>

(૧.૦) ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કે : આરોપી નં.૪ નાઓ ફરીયાદીના મિત્ર થાય છે, આ આરોપી નં.૪ નાઓ ફરીયાદીને

મળેલ અને જણાવેલ કે, **'હું જે.પી. ગ્રૃપમાં પાર્ટનર બનેલ છુ અને તુ આ કંપનીમાં રુપીયાનુ રોકાણ કર હું બેઠો છુ અને તને સારો નફો પણ થશે અને તુ અમારી ઓફીસે આવીને મળ, મારી પાસે ઘણી બધી સ્કીમો પણ છે.'** ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, ફરીયાદી એ આરોપી ઉપર ભરોસો રાખેલ અને તેઓની ઓફીસે મળવા ગયેલ, જયાં આરોપી નં.૧, ૩ અને ૪ હાજર હતા. આરોપીઓ તે ઉપરોકત દર્શાવેલ કંપનીના ડાયરેકટર છે. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આરોપી નં.૧ અને ૩ નાઓએ ફરીયાદીને જણાવેલ કે, **''અમારી જે.પી. ગૃપ કંપની ઘણી બધી છે અને અમારુ જે.પી. ગ્રૃપનુ નામ પણ પ્રખ્યાત અને મોટુ છે, તમે અમારી કંપનીમાં રોકાણ કરો, અમારી કંપની દુબઇમાં ફોરેકસ ટ્રેડીંગ કરે છે, અહી અમારી ગ્રૃપની કંપનીઓ થકી અલગ અલગ જગ્યાએ રોકાણ કરીને તમને પ ટકા સુધી મહિને પ્રોફીટ શેરીંગ આપીશુ. કંપની અન્ય દેશોમાં ફોરેકસ ટ્રેડીંગનુ કામ કરે છે અને ૧ર ટકા નફો મેળવે છે અને જો તમે અમારી કંપનીમાં રોકાણ કરશો તો અમારી કંપનીને ભલે નુકશાન થાય કે ફાયદો થાય તો પણ તમને પ ટકા સુધી પ્રોફીટ શેરીંગ આપીશુ તેની અમારી ગેરંટી છે અને રવિ તમને બતાવી દેશે કઇ કઇ કંપનીમાં રોકાણ કરવાનુ છે.''** ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, ત્યારબાદ સદર 'JPFX Asset Management' કંપનીનો સેમીનાર રાખવામાં આવેલ, જેમા 'સંતોષ મોરે (ઇન્ટરનેશનલ ટ્રેડીંગ કોચ, એકેડમી દુબઇ)' નાઓ હતા અને તેમાં 'જે. પી. ગ્રૃપ' ટ્રેડીંગ કેવી રીતે કરે છે અને કેટલો ફાયદો મેળવે છે તેની માહીતી આપવામાં આવેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, **આ પછી ફરીયાદી એ તા. ૧૫/૦૪/૨૦૧૯ થી તા. ૦૨/૧૧/૨૦૨૦ સુધીમાં રૂા. ૩૮,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા આડત્રીસ લાખ પાસઠ હજાર પુરા) આરોપી કંપનીમાં આપેલ,** જેમાં રુા. ૧૪,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ દસ હજાર પુરા) ફરીયાદી એ તેમના ખાતામાંથી આપેલ તથા રૂા. ૮,૩૯,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ ઓગણ ચાલીસ હજાર પુરા) ફરીયાદીના પત્નિ હેતલબેનના ખાતા માંથી આપેલ અને રુપીયા ૧૬,૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ સોળ હજાર પુરા) રોકડા

આપેલ. **આ રકમ ફરીયાદીએ તેમનો ફલેટ વેચાણ કરીને તથા તેમના સગા સબંધીઓ પાસેથી લઇને આરોપીની કંપનીમાં ઇન્વેસ્ટ કરેલ.**

(૧.૧) ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આ પછી ફરીયાદી ને ભરોસો આવે તે હેતુથી આરોપી એ **જાન્યુઆરી– ૨૦૨૦ સુધી ૫% નફો આપેલ** અને ત્યારબાદ રકમ આપવાનુ બંધ કરી દીધેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આ પછી ફરીયાદી એ વારંવાર રુપીયાની માંગણી કરતા આરોપીએ સમય પસાર કરેલ અને ત્યારબાદ કોરોના મહામારી દરમ્યાન તા. ૦૧/૧૧/૨૦૨૦ સુધીમાં ૫% નફા સાથે કુલ રકમ રૂા. ૫૯,૨૭,૦૦૦/– (અંકે રુપીયા ઓગણસાઇઠ લાખ સત્તાવીસ હજાર પુરા) ચુકવી આપવાનું જણાવેલ. આ પછી લોકડાઉન બાદ પાર્ટ પેમેન્ટ પેટે **બેંક ઓફ ઇન્ડિયા, શ્યામલ ચાર રસ્તા શાખા અમદાવાદ** નો નીચે મુજબનો ચેક ઇશ્યુ કરેલ.

ક્રમ	ચેક નંબર	ચેકની રકમ	ચેકની તારીખ
૧	ચેક નં. ૦૬૮૩૯૩	રૂા. ૨,૦૦,૦૦૦	તા. ૦૨/૧૨/૨૦૨૦

(૧.૨) ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, એ રીતે **રૂા. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) ના ચેક** આરોપી એ ઇશ્યુ કરેલ, જે આરોપીની સુચના મુજબ ફરીયાદી એ **'ઇન્ડસઇન્ડ બેંક, નરોડા શાખા અમદાવાદમાં'** તેમના ખાતામાં તા. ૦૨/૧૨/૨૦૨૦ ના રોજ ડીપોઝીટ કરતા સદરહુ ચેક તા. ૦૩/૧૨/૨૦૨૦ ના રોજ 'ફંડસ ઇનસફીશીયન્ટ' ના શેરા સાથે પરત આવેલ. ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, આ પછી આરોપીના કહેવા મુજબ ફરીથી સદર અનુક્રમ નં.૧ વાળો ચેક તા. ૦૬/૦૧/૨૦૨૧ ના રોજ ડીપોઝીટ કરેલ તો તે તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ 'ફંડસ ઇનસફીશીયન્ટ' ના શેરા સાથે પરત આવેલ.

(૧.૩) ફરીયાદ હકીકત વધુમાં એવી છે કે, એ રીતે બે વખત સદરહું ચેક રીટર્ન આવ્યા બાદ ફરીયાદીએ તેમના વકીલ મારફત ધોરણસરની ડિમાન્ડ નોટીસ રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી તા. ૨૭/૦૧/૨૦૨૧ ના રોજ આરોપીને મોકલેલ, જે નોટીસ આરોપીઓને બજી ગયેલ છતાં

આરોપીએ લેણી રકમ વસુલ આપેલ નથી અને નોટીસનો ખોટો અને ઉડાવ જવાબ આપેલ છે.

(૧.૪) એ રીતે લેણી રકમ સંબંધે ઈશ્યુ કરેલ સદરહું ચેક **અપુરતા ભંડોળના કારણે** તે મુજબના શેરા સાથે પરત ફરેલ તે પછી ધોરણસર ડિમાન્ડ નોટીસ આપવા છતાં લેણી રકમ વસુલ નહીં આપી આરોપીએ ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ–૧૩૮ અન્વયેનો ગુન્હો કરેલો હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ હાલની ફરીયાદ રજુ રાખી આરોપી સામે કાયદેસર કાર્યવાહી કરવા તથા સજા અને દંડ કરવા તથા વળતર અંગે આદેશ કરવા અરજ કરેલ છે.

<u>કોર્ટ કાર્યવાહી :–</u>

(૨.૦) ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ તથા સાથે સામેલ દસ્તાવેજી પુરાવા અને ફરીયાદીના વેરીફીકેશનને ધ્યાને લઈ ગુન્હાનું કોગ્નીઝન્સ લેવામાં આવેલ અને આરોપીને પ્રોસેસ ઈશ્યુ કરવા હુકમ કરવામાં આવેલ. પ્રોસેસ આધારે આરોપી અદાલતમાં ઉપસ્થિત થતા આરોપીને કેસ પેપર્સની નકલો આપી, આક્ષેપિત ગુન્હા અંગે તથા ફરીયાદ હકીકત અંગે તેઓને સમજ આપી **આરોપીઓની પ્લી લીધેલ,** જેમાં તેમણે ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૨.૧) રેકર્ડ પર છે તે મુજબ આ કામે આરોપીની પ્લી વિસ્તારપૂર્વક નોંધવામાં આવેલ છે તથા ફરીયાદીને પુરાવો રજુ કરવા માટે અને આરોપીને તેમનો બચાવ પ્રસ્તુત કરવા માટે વિસ્તારપૂર્વક તક આપવામાં આવેલ છે, તેમજ પુરાવો પણ વિસ્તારપૂર્વક નોંધવામાં આવેલ છે, એ રીતે આ કેસની ઈન્સાફી કાર્યવાહી '**સમંસ ટ્રાયલ**' પદ્ધતી મુજબ ચાલેલ છે.

<u>રેકર્ડ પર રજુ થયેલ પુરાવો :–</u>

(૩.૦) આ હુકમના મથાળે '**ફોર્મ– સી**' ની વિગત મુજબ ફરીયાદ પક્ષે અને આરોપી પક્ષે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>વિશેષ નિવેદન :–</u>

(૪.૦) ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ રજુ થયેલ પુરાવા સંબંધે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન

નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાને નકારેલ છે અને તેમના સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદી એ કોઈ નાણા આપેલ નથી અને સિકયુરીટી પેટે તેમના પાસે પડેલ ચેકનો તેઓએ દુરઉપયોગ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપી તરીકે દર્શાવેલ છે તેવી કોઈ પેઢી જ અસ્તિત્વમાં નથી.

<u>**પક્ષકારો તરફે દલીલ :-**</u>

(૫.૦) ફરીયાદી તથા આરોપી તરફે વિ. વકીલશ્રી ની મૌખીક દલીલ સાંભળેલ છે તથા રજુ કરવામાં આવેલ લેખીત દલીલ વંચાણે લીધેલ છે.

(૫.૧) ફરીયાદી તરફે વિ. વકીલશ્રી ની રજુઆત છે કે, કાયદેસરનુ લેણુ હોવાનુ અને તે પેટે ચેક આપવામાં આવેલ હોવાનુ ફરીયાદી એ તેમના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા થકી પુરવાર કરેલ છે. ચેક સમય મર્યાદામાં બેંકમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે તથા તે રીટર્ન થયા બાદ સમય મર્યાદામાં ડિમાન્ડ નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં ફરીયાદ પણ સમય મર્યાદામાં ફાઈલ કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, ચેક રીટર્ન થયા બાદ ડિમાન્ડ નોટીસ મોકલવા છતાં આરોપી એ લેણી રકમ વસુલ આપેલ નથી, આ સંજોગોમાં કલમ- ૧૩૮ નો ગુન્હો પુરવાર થયેલ છે. વધુમાં રજુઆત છે કે, કલમ- ૧૩૯ મુજબ કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવી જવાબદારી ના સંદર્ભમાં ચેક મેળવવામાં આવેલ હોવાનુ ધારકની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે. આ અનુમાનનુ ખંડન કરતી હકીકતો રેકર્ડ પર લઈ આવવાની જવાબદારી આરોપી પર છે. આ કામે આરોપી અનુમાનનુ ખંડન કરતી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકયા નથી, આરોપી અનુમાનનુ ખંડન કરી શકયા નથી. વધુમાં રજુઆત છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતે '**Dhanasingh Prabhu v. Chandrasekar (2025 (0) AIJEL-SC 75554)**' ના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ ફર્મ ને પક્ષકાર બનાવવામાં આવે તે જરુરી નથી. વધુમાં રજુઆત છે કે, આરોપી પક્ષે માત્ર ડિનાઈલ કરેલ છે, ડિમાન્ડ નોટીસ બજવણી થયેલ નથી તે સબંધે પણ ખોટી તકરાર લીધેલ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીએ ચેકમાં રહેલ સહી નકારેલ નથી, આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તે સબંધે બચાવના સમર્થનમાં કોઈ વિશ્વસનીય બાબત રેકર્ડ પર

મુકેલ નથી. એ રીતે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર થયેલ હોવાની રજુઆત સાથે વિ. વકીલશ્રી એ આરોપી ને તેમના સામેના આક્ષેપીત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવા અને કેદની સજા સાથે વળતરનો હુકમ કરવા અરજ કરેલ છે. વિ. વકીલશ્રીએ કલમ– ૧૩૯ ના અનુમાન સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત 'Rajesh Jain v. Ajay Singh' તથા 'Triyambak S. Hegde v. Sripad (2022 (1) SCC (Cri.) 448)' તથા 'Bir Singh v. Mukesh kumar, (2019 (4) SCC 197)' તથા 'T.P. Murugan v. Bojan (2018 (3) DCR 209)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે, જે માનસહ વંચાણે લીધેલ છે.

(૫.૨) આરોપી તરફે વિ. વકીલશ્રી ની રજુઆત છે કે, ફરીયાદી ફરીયાદ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, આરોપી ને જે કંપનીના ડાયરેકટર તરીકે દર્શાવેલ છે તેવી કોઇ કંપની અસ્તિત્વમાં હોવાનુ ફરીયાદી પુરવાર કરી શકયા નથી. 'J.P.Frution' અને 'JPFX Asset Managment' બંન્ને અલગ અલગ કંપની હોવાનુ રેકર્ડ પર આવેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદી એ કઇ કંપનીમાં કેટલા રુપીયાનુ રોકાણ કરેલ છે તે સબંધે સ્પષ્ટતા કરેલ નથી, એ જ રીતે કઇ તારીખે કેટલા રુપીયાનુ રોકાણ કરેલ તથા રોકડા આપેલા તે કઇ તારીખે આપેલા તેની પણ કોઇ સ્પષ્ટતા કરેલ નથી તથા તે સબંધે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં રજુઆત છે કે, ફરીયાદી તેમના ઘરના સભ્ય ધ્વારા રોકાણ કરેલ નાણા પરત મેળવવા હકક ધરાવતા હોવાનુ રેકર્ડ પર મુકવામાં આવેલ નથી. વધુમાં રજુઆત છે કે, દસ્તાવેજ માત્ર રેકર્ડ પર રજુ કરી દેવામાં આવે તે પર્યાપ્ત નથી, તે યોગ્ય રીતે પુરવાર કરવા જોઇએ, આ સંદર્ભે વિ. વકીલશ્રી એ નામદાર સર્વોચ્ચ અદાલત 'Narbada devi Gupta v. Birendra Kumar Jaiswal (2003 (8) SCC 745)' તથા 'Smt. J. Yashoda v. Smt. K. Shobha Rani (2007 (5) SCC 730)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે. વધુમાં રજુઆત છે કે, રુપીયા ૩૮,૬૫,૦૦૦/– ના રોકાણ સામે તે રકમ દોઢ વર્ષમાં રુા. ૫૯,૨૭,૦૦૦/– કેવી રીતે થાય તે સબંધે ફરીયાદી એ કોઇ ખુલાસો કરેલ

નથી. લેણી રકમ કરતા વધુ રકમનો ચેક ભરવામાં આવેલ હોય તો આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ સંદર્ભે વિ. વકીલશ્રીએ નામદાર કેરલા હાઈકોર્ટ 'Joseph Sartho v. G. Gopinathan and Anr. (2009 (2) DCR 40)' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'Dashrathbhai Trikambhai Patel v. Hitesh Mahendrabhai Patel and Anr. (Criminal Appeal No. 1497 of 2022)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે. વધુમાં રજુઆત છે કે, બે અલગ અલગ પેઢી/ કંપનીના કિસ્સામાં અલગ અલગ પેઢી/ કંપની સામે અલગ અલગ ફરીયાદ કરવી જોઈએ, બંન્ને સામે એકજ ફરીયાદ ચાલી શકે નહી. એ જ રીતે કંપનીને પક્ષકાર બનાવવી જરુરી છે. આ સંદર્ભે વિ. વકીલશ્રી એ નામદાર સર્વોચ્ચ અદાલત 'Krishna Texport and Capital Markets Ltd. v. Ila A. Agrawal (2015 (8) SCC 28)' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'Aneeta Hada v. Godfather Travels & Tours (P) Ltd. (2012 (5) SCC 661)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે. વધુમાં રજુઆત છે કે, ફરીયાદ પક્ષના કેસનુ ખંડન કરવા માટે આરોપી એ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવા પર પણ આધાર રાખી શકાય. આ કામે કલમ– ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરતી બાબતો રેકર્ડ પર આવેલ છે. આ સંદર્ભે વિ. વકીલશ્રી એ નામદાર સર્વોચ્ચ અદાલત 'Krishna Janardhan Bhatt v. Dattatraya G. Hegde (AIR 2008 SC 1325)' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'K. Prakashan v. P. K. Surenderan (2008 (1) SCC 258)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે. એ રીતે ફરીયાદ પક્ષ આક્ષેપીત ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાની રજુઆત સાથે વિ. વકીલશ્રી એ આરોપીને તેમના સામેના આક્ષેપીત ગુન્હાના કામે નિર્દોષ ઠરાવવા અરજ કરેલ છે.

આરોપી વિરુધ્ધનુ તહોમત/ મુદાઓ અને તેના જવાબ :–

(૬.૦) કેસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

૧. શું ફરીયાદીવ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, ટ્રેડીંગના કામે કંપનીમાં ઈન્વેસ્ટ કરેલ નાણા પરત ચુકવવાની જવાબદારી પેટે આરોપી એ **બેંક ઓફ ઈન્ડિયા, શ્યામલ ચાર રસ્તા શાખા, અમદાવાદ નો ચેક નં. ०९८૩૯૩ (રૂા. ૨,००,०००/-, તા. ૨/૧૨/૨૦૨૦) ના રોજનો ચેક ઈશ્યુ કરેલા,** જે વસુલાત અર્થે **ઈન્ડસઈન્ડ બેંક, નરોડા શાખા, અમદાવાદ માં** ડીપોઝીટ કરાવતા તે '**ફંડસ ઈનસફીશીયન્ટ**' ના શેરા સાથે પરત આવેલ, આ પછી સમય મર્યાદામાં ધોરણસરની ડિમાન્ડ નોટીસ આરોપીને રજીસ્ટર એડી પોસ્ટના માધ્યમથી મોકલવા છતાં આરોપીએ લેણી રકમ વસુલ નહી આપી **ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ મુજબનો** ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬.૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૭.૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

મુદ્દા નં.૧ :-

(૭.૧) ક્રિમીનલ જ્યુરીસ્પૃડન્સના સિદ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર છે, ફરીયાદપક્ષ જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો વ્યાજબી શંકાઓથી પર પુરવાર ન કરે ત્યાં સુધી એવું અનુમાન કરવાનુ રહે છે કે આરોપી નિર્દોષ છે. આ કામે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, આ પ્રકારનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે પણ સાબિતીનો પ્રાથમિક બોજો ફરીયાદી પર જ છે, પરંતુ કાયદાની કલમ-૧૩૯ માં કેટલીક બાબતો સંબંધે અનુમાન કરવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે, જે અમુક અંશે ફરીયાદી ઉપર રહેલ સાબીતીના બોજને ઘટાડે છે. તેથી ઉપલબ્ધ

પુરાવાને મુલ્યાંકનમાં લેતા પહેલા કલમ–૧૩૯ ની જોગવાઈ તથા તે અન્વયે થનાર અનુમાન ક્યાં સુધી વિસ્તરે છે તે સમજવા માટે આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે **'Rangappa v. Sri Mohan (2010 (11) SCC 441)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે '**કાયદેસર વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સંબંધે પણ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે.**' આ સંબંધે નામદાર કોર્ટે ચુકાદામાં નીચે મુજબ નોંધેલ છે.

> The presumption mandated by section 139 includes a presumption that **there exists a legally enforceable debt or liability.** This is of cource in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defense wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the respondent complainant.

(૭.૨) નામદાર સર્વોચ્ચ અદાલતે **'Bir Singh v. Mukesh kumar, Reported in-2019 (4) SCC 197'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાની જોગવાઈ તથા અનેક ચુકાદાઓ ધ્યાને લીધા બાદ ઠરાવેલ છે કે, ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનું તથા તે રીટર્ન થયાનું પુરવાર કરવામાં આવે તે પછી કલમ–૧૩૯ મુજબ ચેક 'દેવુ અગર જવાબદારી અદા કરવાના બદલામાં ઈશ્યુ કરવામાં આવેલ હતો' તેવુ ધારકની ફેવરમાં અનુમાન કરવાનુ રહે છે અને સાબીતીનો ભાર આરોપી પર ખસે છે. આ સંબંધે પેરા–૩૭ માં નામદાર કોર્ટે નીચે મુજબ નોંધેલ છે.

> A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Section 20, 87 and 139, makes it amply clear that **a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption** that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that **the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

(૭.૩) **'M. S. Narayana Menon Alias Mani v. State of Kerala and Anr. (2006 (6) SCC 39) '** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપી એ જાતે પુરાવો આપવો આવશ્યક નથી, ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આરોપી આધાર રાખી શકે છે. એ હકીકત છે કે આરોપી એ માત્ર સંભવીતતાની શકયતા **(preponderance of probabilities)** દર્શાવવાની રહે છે તેમજ તેના માટે આરોપી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર પણ આધાર રાખી શકે છે, પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓ થકી એ બાબત સ્પષ્ટ કરેલ છે કે આરોપીએ પ્રોબેબલ ડીફેન્સ મુકવો જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત **'Rohitbhai Jivanlal Patel v. State of Gujrat (AIR 2019 SC 1876)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો આ સંબંધે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં ફરીયાદીની આવકના સ્ત્રોત સંબંધેનો કોઇ પુરાવો ઉપલબ્ધ ન હોવાના કારણે તથા ચેકની જે એમાઉન્ટ હતી તે આરોપીને આપવામાં આવેલ રકમ કરતા ઓછી હતી અને બાકીની રકમ અંગે કોઇ ખુલાસો રેકર્ડ પર ઉપલબ્ધ ન હતો તથા ફરીયાદીએ આરોપીને આપેલ રકમ અંગે કોઇ કાચી નોટ કે પ્રોમીસરી નોટ વિગેરે મેળવેલ ન હતી વિગેરે મુદ્દાઓ આધારે ટ્રાયલ કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવતો હુકમ કરેલ હતો, તે સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે આ કાયદા હેઠળની કાર્યવાહીમાં કલમ-૧૩૯ નું પ્રિઝમ્પ્શન છે તેથી આ બાબતો ફરીયાદીના પુરાવાનું ખંડન કરવા માટે પર્યાપ્ત નથી.

(૭.૪) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત **'Saroj kumar Poddar v. State (Govt of Nct of Delhi) (2007 (3) SCC 693)'** ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પણ ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે કલમ-૧૩૮ ના તત્વો એટલે કે કલમ-૧૩૮ નો ગુન્હો પુરવાર કરવા માટે કઇ કઇ બાબતો આવશ્યક છે તેની નોંધ કરેલ છે. સમગ્રપણે આ તમામ ઓથોરીટીમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો અને કાયદાની જોગવાઇ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે ચેકમાં રહેલ સહી આરોપીની હોવાનું પુરવાર થયે તથા ચેક રીટર્ન થયાની

પ્રોસેસ અને ત્યાર બાદ આરોપીને નોટીસ પાઠવવામાં આવેલ હોવાનું પુરવાર થયે તથા ચેક અન્ય તમામ રીતે વેલીડ હોવાનુ રેકર્ડ પર આવ્યે કલમ–૧૩૯ નું અનુમાન કરવાનુ રહે છે, જે અનુમાન કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ દેવુ અગર જવાબદારી અસ્તિત્વમાં હોવા સુધી વિસ્તરે છે અને તેના લીધે સાબીતીની જવાબદારી આરોપી પર ખસે છે. એ હકીકત છે કે કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ જાતે પુરાવો આપવો જરૂરી નથી, તેઓ ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પર આધાર રાખી શકે છે, પરંતુ તેના માટે **પ્રોબેબલ ડીફેન્સ રજુ થવો જરૂરી છે.** કલમ- ૧૩૯ ના અનુમાન સબંધે તથા તેનુ ખંડન કરતી બાબતો સંદર્ભે જે ચુકાદા બંન્ને પક્ષ તરફે રજુ થયેલ છે તે માનસહ વંચાણે લીધેલ છે, તેમાં પણ ઉપર મુજબ ઠરાવવામાં આવેલ છે.

(૭.૫) વધુમાં, આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત '**S. P. Mani and Mohan Dairy v. Dr. Snehalatha Elangovan (Reported in- AIR 2023 SC (Criminal) 551)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો માનસહ વંચાણે લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે કલમ- ૧૩૮ અને ૧૪૧ નુ અર્થઘટન કરતા ઠરાવેલ છે કે, કલમ- ૧૪૧ ની પેટાકલમ –૧ 'જે તે કંપનીનો હવાલો ધરાવનાર અને જવાબદાર વ્યકિત નુ સુચન કરે છે', જયારે પેટા કલમ- ૨ તે પોસ્ટ અથવા હોદા સાથે જોડાયેલ છે અને તે 'જે તે કંપની ના પોસ્ટ કે હોદા પર રહેલ વ્યકિત ની સંમતિ, બેદરકારી અને જોડાણ નુ સુચન કરે છે'. પેટા કલમ- ૧ ના સંદર્ભમાં જે તે વ્યકિત કંપની ના રોજબરોજના કામનો હવાલો ધરાવનાર અને જવાબદાર હોવાનુ પુરવાર કરવામાં આવે તો તે પર્યાપ્ત છે, જયારે પેટા કલમ- ૨ ના સંદર્ભમાં સંમતી અગર બેદરકારી તથા જે તે વ્યકિત કંપની માં પોસ્ટ અથવા હોદા પર હોવાનુ પુરવાર થવુ આવશ્યક છે. વધુમાં, ઠરાવેલ છે કે, કંપની વતી જે વ્યકિત ચેકમાં સહી કરવાની ઓથોરીટી ધરાવતી હોય અથવા ચેકમાં સહી કરેલ હોય ત્યારે તે વ્યકિત નો હોદો અથવા કેપેસીટી તરફ ધ્યાન કર્યા સીવાય પ્રાયમાફેસી એવુ માની શકાય કે તે વ્યકિત કંપનીના રોજબરોજના કામનો હવાલો ધરાવનાર અને જવાબદાર વ્યકિત છે. આ સંજોગોમાં વિરુધ્ધનુ પુરવાર કરવાની જવાબદારી તે વ્યકિત પર રહે છે.

આ સંદર્ભે નામદાર કોર્ટે ચુકાદના પેરા– ૨૪ થી ૨૭ માં નીચે મુજબ નોંધેલ છે.

24. Evidently, the gist of Section 138 is that the drawer of the cheque shall be deemed to have committed an offence when the cheque drawn by him is returned unpaid on the prescribed grounds. The conditions precedent and the conditions subsequent to constitute the offence are drawing of a cheque on the account maintained by the drawer with a banker, presentation of the cheque within the prescribed period, making of a demand by the payee by giving a notice in writing within the prescribed period and failure of the drawer to pay within the prescribed period. Upon fulfilment of these requirements, the commission of the offence which may be called the offence of 'dishonour of cheque' is complete. **If the drawer is a company, the offence is primarily committed by the company. By virtue of the provisions of sub-section (1) of Section 141, the guilt for the offence and the liability to be prosecuted and punished shall be extended to every person who, at the time the offence was committed, was in charge of and was responsible to the company for the conduct of its business; irrespective of whether such person is a director, manager, secretary or other officer of the company.** It would be for such responsible person, in order to be exonerated in terms of the first proviso, to prove that the offence was committed without his knowledge or despite his due diligence.

25. Under the separate provision of sub-section (2), if it is proved that the offence was committed with the consent or connivance of or was attributable to the neglect on the part of any director, manager, secretary or other officer of the company, such person would also be deemed to be guilty for that offence. Obviously, the burden of alleging and proving consent, connivance or neglect on the part of any director, etc. would rest upon the complainant. The non obstante clause with which the sub-section (2) opens indicate that the deeming provision is distinct and different from the deeming provision in sub-section (1) in which the office or designation of the person in charge of and responsible to the company for the conduct of its business is immaterial.

26. **While the essential element for implicating a person under sub-section (1) is his or her being in charge of and responsible to the company in the conduct of its business at the time of commission of the offence, the emphasis in sub-section (2) is upon the holding of an office and consent, connivance or negligence of such officer irrespective of his or her being or not being actually in charge of and responsible to the company in the conduct of its business.** Thus, the important and distinguishing feature in sub-section (1) is the control of a responsible person over

the affairs of the company rather than his holding of an office or his designation, while the liability under sub-section (2) arises out of holding an office and consent, connivance or neglect. While all the persons covered by sub-section (1) and sub-section (2) are liable to be proceeded against and also punished upon the proof of their being either in charge of and responsible to the company in the conduct of its business or of their holding of the office and having been guilty of consent, connivance or neglect in the matter of commission of the offence by the company, the person covered by sub-section (1) may, by virtue of the first proviso, escape only punishment if he proves that the offence was committed without his knowledge or despite his due diligence.

27. As for the requisite evidence, **the burden upon the prosecution would be discharged under subsection (1) when a person is proved to be in charge of and responsible to the company in the conduct of its business and would shift upon the accused to prove that he was ignorant or diligent, if that be his defence; whereas under subsection (2) the prosecution would be required to allege and prove the consent, connivance or neglect and holding of the office by the accused.** There is nothing to suggest that the same person cannot be made to face the prosecution either under sub-section (1) or sub-section (2) or both. A director or manager can be arraigned and proved to be guilty as the person in charge of and responsible to the company as well as the director of the company who, as such, might have consented to, connived at or been negligent in respect of the offence of dishonour of cheque, be logically deduced that a person can be arraigned in a complaint as the accused along with the company if it prima facie appears that he was in charge of and responsible to the company for the conduct of its business, although he may or may not be or may not have continued to be a director or other officer of the company, as mentioned in sub-section (2). It would be sufficient if the complaint indicates that such person has been arraigned on the basis of averments which disclose him or her to be the person in charge of and responsible to the company in the conduct of its business at the time the offence was committed. **Evidently, a person who signs the cheque or who has the authority to sign the cheque for and on behalf of the company, regardless of his office or capacity, can, prima facie, be assumed to be in charge of and responsible to the company in the conduct of its business. And, where such person is prosecuted, then, if it be his defence that the offence was committed without his or her knowledge or that he or she has exercised all due diligence to prevent the commission of such offence, the burden to prove that would be on him or her and can only be discharged at the stage of evidence.**

(૭.૬) વધુમાં, સદર '**S. P. Mani and Mohan Dairy v. Dr. Snehalatha Elangovan (Reported in- AIR 2023 SC (Criminal) 551)**' ના ચુકાદામાં નામદાર કોર્ટે નામદાર સર્વોચ્ચ અદાલત '**K. K. Ahuja v. V. K. Vora, (Reported in- 2009 (10) SCC 48)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબત નો ઉલ્લેખ પેરા– ૩૭ માં કરેલ છે, જે ધ્યાને લેવા યોગ્ય છે.

> **The position under section 141 of the Act can be summarized thus:**
> (i) If the accused is the Managing Director or a Joint Managing Director, it is not necessary to make an averment in the complaint that he is in charge of, and is responsible to the company, for the conduct of the business of the company. It is sufficient if an averment is made that the accused was the Managing Director or Joint Managing Director at the relevant time. This is because the prefix “Managing” to the word “Director” makes it clear that they were incharge of and are responsible to the company, for the conduct of the business of the company.
> (ii) **In the case of a director or an officer of the company who signed the cheque on behalf of the company, there is no need to make a specific averment that he was in charge of and was responsible to the company, for the conduct of the business of the company or make any specific allegation about consent, connivance or negligence. The very fact that the dishonoured cheque was signed by him on behalf of the company, would give rise to responsibility under subsection (2) of** Section 141**.**
> (iii) In the case of a Director, Secretary or Manager (as defined in Section 2(24) of the Companies Act) or a person referred to in clauses (e) and (f) of section 5 of Companies Act, an averment in the complaint that he was in charge of, and was responsible to the company, for the conduct of the business of the company is necessary to bring the case under section 141(1) of the Act. No further averment would be necessary in the complaint, though some particulars will be desirable. They can also be made liable under Section 141(2) by making necessary averments relating to consent and connivance or negligence, in the complaint, to bring the matter under that subsection.
> (iv) Other Officers of a company cannot be made liable under subsection (1) of Section 141. Other officers of a company can be made liable only under subsection (2) of Section 141, by averring in the complaint their position and duties in the company and their role in regard to the issue and dishonour of the cheque, disclosing consent, connivance or negligence.”

(૭.૭) નામદાર સર્વોચ્ચ અદાલતે '**S. P. Mani and Mohan Dairy v. Dr. Snehalatha Elangovan (Reported in- AIR 2023 SC (Criminal) 551)**' ના ચુકાદામાં પેરા– ૪૭ માં નોંધેલ બાબતો પણ આ તબક્કે ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે.

47. Our final conclusions may be summarised as under :-

a.) **The primary responsibility of the complainant is to make specific averments in the complaint so as to make the accused vicariously liable.** For fastening the criminal liability, there is no legal requirement for the complainant to show that the accused partner of the firm was aware about each and every transaction. On the other hand, the first proviso to sub-section (1) of Section 141 of the Act clearly lays down that if the accused is able to prove to the satisfaction of the Court that the offence was committed without his/her knowledge or he/she had exercised due diligence to prevent the commission of such offence, he/she will not be liable of punishment.

b.) The complainant is supposed to know only generally as to who were in charge of the affairs of the company or firm, as the case may be. The other administrative matters would be within the special knowledge of the company or the firm and those who are in charge of it. In such circumstances, the complainant is expected to allege that the persons named in the complaint are in charge of the affairs of the company/firm. It is only the Directors of the company or the partners of the firm, as the case may be, who have the special knowledge about the role they had played in the company or the partners in a firm to show before the court that at the relevant point of time they were not in charge of the affairs of the company. Advertence to Section 138 and Section 141 respectively of the NI Act shows that on the other elements of an offence under Section 138 being satisfied, the burden is on the Board of Directors or the officers in charge of the affairs of the company/partners of a firm to show that they were not liable to be convicted. The existence of any special circumstance that makes them not liable is something that is peculiarly within their knowledge and it is for them to establish at the trial to show that at the relevant time they were not in charge of the affairs of the company or the firm.

c.) Needless to say, the final judgement and order would depend on the evidence adduced. Criminal liability is attracted only on those, who at the time of commission of the offence, were in charge of and were responsible for the conduct of the business of the firm. But vicarious criminal liability can be inferred against the partners of a firm when it is specifically averred in the complaint about the status of the partners 'qua' the firm. This would make them liable to face the prosecution but it does not lead to automatic conviction. Hence,

they are not adversely prejudiced if they are eventually found to be not guilty, as a necessary consequence thereof would be acquittal.

d.) If any Director wants the process to be quashed by filing a petition under Section 482 of the Code on the ground that only a bald averment is made in the complaint and that he/she is really not concerned with the issuance of the cheque, he/she must in order to persuade the High Court to quash the process either furnish some sterling incontrovertible material or acceptable circumstances to substantiate his/her contention. He/she must make out a case that making him/her stand the trial would be an abuse of process of Court.

(૭.૮) વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત '**Aneeta Hada v. Godfather Travels & Tours (P) Ltd. ((2012) 5 SCC 661)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો ધ્યાને લેવા યોગ્ય છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, **કંપનીના કિસ્સામાં કંપનીને પક્ષકાર બનાવવી આવશ્યક છે.** આ સંદર્ભે નામદાર કોર્ટે ઠરાવેલ છે કે :-

Applying the doctrine of strict construction, we are of the considered opinion that commission of offence by the company is an express condition precedent to attract the vicarious liability of others. **Thus, the words "as well as the company" appearing in the Section make it absolutely unmistakably clear that when the company can be prosecuted, then only the persons mentioned in the other categories could be vicariously liable for the offence subject to the averments in the petition and proof thereof.** One cannot be oblivious of the fact that the company is a juristic person and it has its own respectability. If a finding is recorded against it, it would create a concavity in its reputation. There can be situations when the corporate reputation is affected when a director is indicted. In view of our aforesaid analysis, we arrive at the irresistible conclusion that for maintaining the prosecution under Section 141 of the Act, arraigning of a company as an accused is imperative. The other categories of offenders can only be brought in the dragnet on the touchstone of vicarious liability as the same has been stipulated in the provision itself.

(૭.૯) ફરીયાદ પક્ષે વિ. વકીલશ્રીએ નામદાર સર્વોચ્ચ અદાલત '**Dhanasingh Prabhu v. Chandrasekar (2025 (0) AIJEL-SC 75554)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે, જે માનસહ

વંચાણે લેવામાં આવે તો તે ભાગીદારી પેઢીના સંદર્ભમાં છે, જેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, **ભાગીદારી પેઢી ના સંદર્ભમાં પેઢીને અલગથી પક્ષકાર બનાવવાની કે પેઢીને અલગ થી ડિમાન્ડ નોટીસ આપવાની કોઇ આવશ્યકતા નથી.** આ સંદર્ભે નામદાર કોર્ટે ચુકાદામાં ઠરાવેલ છે કે :-

> "Therefore, in law and in jurisprudence, when a partnership firm is proceeded against, in substance, the partners are liable and the said liability is joint and several and is not vicarious. This is unlike a company which is liable by itself and since it is an artificial juristic entity, the persons in charge of the affairs of the company or who conduct its business only become vicariously liable for the offence committed by the company."

(૭.૧૦) ઉપરોક્ત કાયદાની જોગવાઈ તથા નામદાર કોર્ટના ચુકાદામાં ઠરાવેલ બાબતો નજર સમક્ષ રાખી ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ. આ કામે ફરીયાદ હકીકતના સમર્થન માટે ફરીયાદી એ **આંક-૪ થી** સોગંદ પર સરતપાસ રજુ કરેલ છે, જે ફરીયાદીનો મૌખિક પુરાવો છે, જેમાં ફરીયાદ હકીકત મુજબના કથનો છે. ફરીયાદ હકીકતની વિસ્તારપૂર્વક નોંધ આ હુકમના પ્રથમ પેરામાં કરેલ છે આ સંજોગોમાં તેનુ રીપીટિશન યથાવત રીતે નહી કરતા માત્ર ટુંકમાં નોંધવામાં આવે તો, **ફરીયાદીએ એવો પુરાવો આપેલ છે કે : આરોપીઓ 'J.P.Frution and JPFX Asset Managment' કંપનીના ડાયરેકટર છે. આ જે.પી. ગ્રૃપની અલગ અલગ કંપની ફોરેકસ ટ્રેડીંગ નુ કામ કરે છે અને તેમાં રોકાણ કરવામાં આવે તો મહીને પાંચ ટકા પ્રોફીટ શેરીંગ મળશે તેવુ કહેતા તેમાં રૂા. ૩૮,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા આડત્રીસ લાખ પાસઠ હજાર પુરા) નુ રોકાણ કરેલ.** ફરીયાદી વધુમાં પુરાવો આપે છે કે, **આ પછી આરોપી એ જાન્યુઆરી- ૨૦૨૦ સુધી ૫% નફો આપેલ અને ત્યારબાદ રકમ આપવાનુ બંધ કરી દીધેલ. આ પછી ઉઘરાણી કરતા આરોપીએ રોકાણની રકમ ૫% નફા સાથે કુલ રકમ રૂા. ૫૯,૨૭,૦૦૦/- (અંકે રુપીયા ઓગણસાઈઠ લાખ સત્તાવીસ હજાર પુરા) ચુકવી આપવાનું જણાવી તે સબંધે ચેક ઈશ્યુ કરેલ, જે વસુલાત અર્થે બેંકમાં પ્રસ્તુત કરતા 'ફંડસ ઈનસફીશીયન્ટ' ના રીટર્નમેમાના શેરા સાથે પરત આવેલ.** ફરીયાદી વધુમાં પુરાવો આપે છે કે, આ

પછી સમય મર્યાદામાં ડિમાન્ડ નોટીસ આપવા છતાં આરોપી એ લેણી રકમ વસુલ આપેલ નથી. ફરીયાદ હકીકતના સમર્થનમાં ફરીયાદ પક્ષે ૧) ચેક, ૨) રીટર્નમેમો, ૩) ડિમાન્ડ નોટીસ, ૪) પોસ્ટ ખાતાના દસ્તાવેજો અને ૫) બેંક સ્ટેટમેન્ટ ની નકલ રજુ કરેલ છે.

(૭.૧૧) એ રીતે 'આરોપી ના કહેવા મુજબ મહીને પાંચ ટકા નફો (પ્રોફીટ શેરીંગ) મેળવવાના હેતુથી રૂ.૩૮,૬૫,૦૦૦/- નુ રોકાણ '**J.P.Frution and JPFX Asset Managment**' કંપનીમાં કરેલ હોવાનુ' ફરીયાદીનુ કથન છે. પરંતુ ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ છે તે મુજબ આ બંન્ને એટલે કે '**J.P.Frution**' અને '**JPFX Asset Managment**' બંન્ને અલગ અલગ કંપની છે. ફરીયાદીએ ઉલટતપાસ દરમ્યાન સ્વિકારેલ છે કે, **ફરીયાદના મથાળા માં જે.પી. ક્રુશન અને જે. પી. એફ. એકસ. એસેટ મેનેજમેન્ટ લખેલ છે તે બંન્ને કંપનીઓ અલગ અલગ છે.** આરોપી પક્ષ પણ આ બાબત રેકર્ડ પર લઈ આવેલ છે. આરોપી પક્ષના સાહેદ **પ્રહર હરીશભાઈ ચાવડા** (બેંક ઓફ ઇન્ડીયાના એડમીન મેનેજર) નાઓએ તેમના મૌખીક પુરાવામાં કે.વાય.સી. ફોર્મ રજુ કરતા એવુ કથન કરેલ છે કે, **'આ દસ્તાવેજ જોઇને ખ્યાલ આવી શકે કે J.P.Frution અને JPFX Asset Management તે આખી એકજ કંપની નથી. મને આ ફરીયાદ નો તકરારી ચેક બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તે ચેક માત્ર J.P.Frution કંપનીનો છે.'** એ રીતે બંન્ને કંપની અલગ અલગ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત **'S.P.Mani and Mohan Dairy v. Dr. Snehalatha Elangovan'** ના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ કંપની તથા તેમાં આરોપી ની રહેલ જવાબદારી સબંધેની હકીકતો જાહેર કરવાની પ્રાથમીક જવાબદારી ફરીયાદી પર છે. આ કામે બંન્ને કંપની અલગ છે, છતાં તે હકીકત ફરીયાદ પક્ષે જાહેર કરેલ નથી. આરોપી નં. ૧ થી ૪ તે સદર '**J.P.Frution and JPFX Asset Managment**' કંપનીના ડાયરેકટર છે તેવુ કથન કરેલ છે, પરંતુ રેકર્ડ પર છે તે મુજબ આરોપી નં. ૩ સદર સંસ્થા સાથે કોઇપણ રીતે સંકળાયેલા ન હોય તેથી નામદાર હાઇકોર્ટે તેઓ સામે કાર્યવાહી કવોસ કરેલ છે. બાકી રહેલ ત્રણ

આરોપી પૈકી કયાં આરોપી કઇ કંપની સાથે સંકળાયેલ છે તે સબંધે રેકર્ડ પર કોઇ સ્પષ્ટતા નથી. સદર કંપનીમાં રોકાણ કરેલ હોવાનુ કથન પ્રસ્તુત કરેલ છે, પરંતુ તે પૈકી કઇ કંપનીમાં કેટલા રુપીયાનુ રોકાણ કરવામાં આવેલ છે તે સબંધે કોઇ સ્પષ્ટ હકીકતો ફરીયાદ પક્ષે જાહેર કરેલ નથી. ઉલટતપાસ દરમ્યાન સ્વિકારેલ પણ છે કે, **'એ વાત ખરી છે કે મે આરોપીની પેઢીઓમાં કેટલુ રોકાણ કરેલુ તે કોઇ સ્પષ્ટપણે જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીની અલગ અલગ પેઢીઓ પાસેથી મારે કઇ પેઢી પાસેથી કેટલી રકમ લેવાની નિકળે છે તે સ્પષ્ટપણે નોટીસ, ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી.'** વાદગ્રસ્ત ચેક ધ્યાને લેવામાં આવે તો તે માત્ર '**J.P.Fruitions**' કંપનીના નામનો છે. આ સંજોગોમાં ખરેખર તે કંપની અને તેના જવાબદાર વ્યકિતઓ સામે કાર્યવાહી થઇ શકે, એ જ રીતે તે કંપનીમાં કુલ કેટલી રકમનુ રોકાણ કરેલ તે સબંધેની હકીકતો પ્રસ્તુત થવી જોઇએ, પરંતુ તે મુજબ ફરીયાદ પ્રસ્તુત થયેલ હોવાનુ જણાતુ નથી. **એ રીતે ફરીયાદના કામે જે વિગતો પ્રસ્તુત કરવાની પ્રાથમીક જવાબદારી ફરીયાદી પર છે તે તમામ હકીકત પ્રસ્તુત કરેલ હોવાનુ કહી શકાય તેમ નથી.**

(૭.૧૨) ફરીયાદમાં, મહીને પાંચ ટકા નફો (પ્રોફીટ શેરીંગ) મેળવવાના હેતુથી રૂા. ૩૮,૬૫,૦૦૦/- નુ રોકાણ આરોપી કંપનીમાં કરેલ હોવાનુ કથન છે. નોંધનીય છે કે, એક સમજદાર વ્યકિત આટલી મોટી રકમ જો કોઇ કંપનીમાં રોકાણ હેતુથી આપે તો સ્વભાવીક રીતે જ તેની સિકયુરીટી પેટે કોઇ લખાણ મેળવે. આ કામે સમગ્ર વ્યવહાર કંપની સાથે થયેલ છે, આમ છતાં રોકાણ સબંધે નો કોઇ લેખીત દસ્તાવેજ મેળવવા આગ્રહ રાખવામાં આવેલ નથી, આવો કોઇ દસ્તાવેજ રેકર્ડ પર રજુ પણ થયેલ નથી. ઉલટતપાસ દરમ્યાન ફરીયાદી એ સ્વિકારેલ પણ છે કે, **મારી અને આરોપીની કંપની વચ્ચે ફરીયાદમાં જણાવેલ પેરા- ૩ ની હકીકત બાબતે કોઇ લેખીત કરાર થયેલ નથી.** આક્ષેપીત વ્યવહાર પર શંકા ઉભી કરતી આ બાબતો છે. ફરીયાદ હકીકત મુજબની આક્ષેપીત રકમ આરોપી કંપનીમાં રોકાણ હેતુથી આપેલ તે દર્શાવવા માટે ફરીયાદી એ તેમના બેંક ખાતાના સ્ટેટમેન્ટ ની નકલ રજુ કરેલ છે, પરંતુ તેની કઇ કઇ એન્ટ્રી આ કેસના કામે રિલેવન્ટ છે તે બાબત સબંધે

મૌખીક પુરાવા દરમ્યાન કોઇ સ્પષ્ટતા કરેલ નથી. બેંક સ્ટેટમેન્ટ અગર તો આ મુજબનો કોઇ દસ્તાવેજ માત્ર રેકર્ડ પર રજુ કરવામાં આવે તે પર્યાપ્ત નથી, બેંક સ્ટેટમેન્ટમાં તો અનેક ટ્રાન્ઝેકશન ની એન્ટ્રી હોય. આ દસ્તાવેજ ની કઇ કઇ એન્ટ્રી સબંધીત કેસના કામે રીલેવન્ટ છે તે અગત્યનુ છે અને તે બાબત સબંધે મૌખીક પુરાવો આપવો જોઇએ. પરંતુ આ કામે તે સબંધેના કોઇ કથનો ફરીયાદી એ તેમના મૌખીક પુરાવામાં કરેલ નથી. ફરીયાદી એ તેમના મૌખીક પુરાવામાં માત્ર એટલુ જ જાહેર કરેલ છે કે, '**તા. ૧૫/૦૪/૨૦૧૯ થી તા. ૦૨/૧૧/૨૦૨૦ સુધીમાં રૂા. ૩૮,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા આડત્રીસ લાખ પાસઠ હજાર પુરા) આરોપી કંપનીમાં આપેલ, જેમાં રુા. ૧૪,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ લાખ દસ હજાર પુરા) તેમના ખાતા માંથી આપેલ તથા રૂા. ૮,૩૯,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ ઓગણ ચાલીસ હજાર પુરા) તેમના પત્નિ હેતલબેનના ખાતા માંથી આપેલ અને રુપીયા ૧૬,૧૬,૦૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ સોળ હજાર પુરા) રોકડા આપેલ.**' પરંતુ આટલી હકીકત પર્યાપ્ત નથી, કઇ તારીખે કેટલી રકમ આપેલ તથા તે સબંધે બેંક સ્ટેટમેન્ટ ની કઇ એન્ટ્રી રીલેવન્ટ છે તે સબંધે સ્પષ્ટતા કરવી જોઇએ. વધુમાં, '**J.P.Frution**' અને '**JPFX Asset Managment**' બંન્ને અલગ અલગ કંપની છે આ સંજોગોમાં કઇ કંપનીમાં કેટલા રુપીયાનુ રોકાણ કરવામાં આવેલ તે બાબત જે તે કંપની ના સંદર્ભમાં કાયદેસરની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે અગત્યની છે. પરંતુ આ કામે કઇ કંપનીમાં કેટલા રુપીયાનુ રોકાણ કરેલ છે તે સબંધે કોઇ હકીકત ફરીયાદી એ તેમના મૌખીક પુરાવામાં જાહેર કરેલ નથી. **રૂા. ૩૮,૬૫,૦૦૦/- નુ રોકાણ આરોપી કંપનીમાં કરેલ હોવા અંગેની ફરીયાદ હકીકત પર શંકા ઉભી કરતી આ બાબતો છે.**

(૭.૧૩) ફરી આ તબકકે ફરીયાદ હકીકત તરફ ધ્યાન કરવામાં આવે તો તેમાં રૂા. ૩૮,૬૫,૦૦૦/- ના રોકાણ સંદર્ભે ૫% નફા સાથે કુલ રૂા. ૫૯,૨૭,૦૦૦/- લેણા નિકળતા હોવાનુ કથન છે. રોકાણ ની રકમ કરતા જયારે લેણી રકમ વધુ દર્શાવવામાં આવેલ હોય ત્યારે (તે દર્શાવવામાં આવેલ લેણી રકમના સંદર્ભમાં આરોપી ની સ્વિકૃતી રેકર્ડ પર હોય અગર તો તે

હિસાબ સમજી શકાય તેવો કોઇ દસ્તાવેજ રેકર્ડ પર હોય તે સીવાયના સંજોગોમાં) તે સંદર્ભે ની ગણતરી કઇ રીતે કરવામાં આવેલ છે તે અંગેની સ્પષ્ટતા રેકર્ડ પર થવી જોઇએ. પરંતુ આ કામે તે સબંધેની કોઇ સ્પષ્ટતા ફરીયાદી એ તેમના મૌખીક પુરાવામાં કરેલ નથી, કે તે સબંધે કોઇ દસ્તાવેજ પણ રજુ કરેલ નથી. આરોપી તરફે રજુઆત છે કે, કાયદેસરની લેણી રકમ કરતા ચેકની રકમ વધુ હોય તો આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય નહી, આ સંદર્ભે તેઓએ નામદાર કેરલા હાઇકોર્ટ 'Joseph Sartho v. G. Gopinathan and Anr. (2009 (2) DCR 40)' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'Dashrathbhai Trikambhai Patel v. Hitesh Mahendrabhai Patel and Anr. (Criminal Appeal No. 1497 of 2022)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખેલ છે, જે માનસહ વંચાણે લીધેલ છે. આ કામે રૂા. ૩૮,૬૫,૦૦૦/– ની આક્ષેપીત રોકાણની રકમ તેના પર પાંચ ટકા નફા સાથે રૂા. ૫૯,૨૭,૦૦૦/– કેવી રીતે થાય તે બાબત સંદર્ભે રેકર્ડ પર કોઇ સ્પષ્ટતા નથી. **રૂા. ૫૯,૨૭,૦૦૦/– ની કાયદેસર રીતે વસુલ થઇ શકે તેવી કથીત જવાબદારીના સંદર્ભમાં વાદગ્રસ્ત ચેક ઇશ્યુ કરવામાં આવેલ હોવાના કથન પર શંકા ઉભી કરતી આ બાબત છે. ક્રમશ નોંધવામાં આવે તો,** ૧) કંપનીના કિસ્સામાં જે હકીકત જાહેર કરવાની પ્રાથમીક જવાબદારી ફરીયાદ પક્ષ પર છે તે તમામ હકીકત જાહેર કરવામાં આવેલ હોવાનુ જણાતુ નથી, ૨) રૂા. ૩૮,૬૫,૦૦૦/– નુ રોકાણ આરોપી કંપનીમાં કરેલ હોવાના કથન પર શંકા ઉભી કરતી બાબતો રેકર્ડ પર આવેલ છે, ૩) રૂા. ૫૯,૨૭,૦૦૦/– લેણા હોવાના કથનના સંદર્ભમાં કોઇ વિશ્વસનીય હકીકત રેકર્ડ પર મુકવામાં આવેલ નથી અને ૪) કંપનીને પક્ષકાર બનાવવામાં આવેલ નથી (જે સંદર્ભે હવે પછી ચર્ચા આગળ વધારીએ).

(૭.૧૪) ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો આ કામે કંપનીને પક્ષકાર બનાવવામાં આવેલ નથી, માત્ર આરોપી નં. ૧ થી ૪ ને કંપનીના ડાયરેકટર તરીકે દર્શાવવામાં આવેલ છે. આ સંદર્ભે ફરીયાદી ની ઉલટતપાસ થયેલ છે, જેમાં તેઓએ સ્વિકારેલ છે કે, **'એ વાત ખરી છે કે ફરીયાદના મથાળામાં**

આરોપીનુ નામ જે.પી. ફ્રુશન અને જે. પી. એફ. એકસ. એસેટ મેનેજમેન્ટ લખેલ છે તે બંન્ને કંપનીઓ અલગ અલગ છે. એ વાત ખરી છે કે જે.પી. ફ્યુશન અને જે.પી. એફ.એકસ. ભાગીદારી પેઢીના ભાગીદારો અલગ અલગ છે. એ વાત ખરી છે કે મારે જે લેણુ નિકળે છે તે કંપનીઓ જોડે નિકળે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સ પાસે પણ કંપનીની રુઇએ લેણુ મેળવવા હકકદાર છુ. એ વાત ખરી છે કે મે આરોપી નં. ૧ તથા ર ના પર્સનલ ખાતામાં નાણા જમાં કરાવેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે કંપનીને આરોપી બનાવેલ નથી અને નોટીસ પણ કંપનીને આપેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે જે.પી. ફ્યુશન અને જે.પી.એફ.એકસ. ભાગીદારી પેઢીને નોટીસ આપેલ નથી કે તેના પાર્ટનરની હેસીયત ની રુએ નોટીસ આપેલ નથી.' એ રીતે કંપની આ કામે પક્ષકાર નથી તે બાબત રેકર્ડ પર આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત '**Aneeta Hada v. Godfather Travels & Tours (P) Ltd. ((2012) 5 SCC 661)**' ના ચુકાદામાં ઠરાવેલ છે તે મુજબ **કંપનીના કિસ્સામાં કંપનીને પક્ષકાર બનાવવી આવશ્યક છે અન્યથા ડાયરેકટર સામે કાર્યવાહી ચાલી શકે નહી.** નામદાર કોર્ટે સ્પષ્ટ ઠરાવેલ છે કે, 'Thus, the words **"as well as the company" appearing in the Section make it absolutely clear that when the company could be prosecuted then only the persons mentioned in the other categories could be vicariously liable for the offence subject to the averments in the petition and proof thereof.**' આ કામે કંપનીને સ્વતંત્ર રીતે પક્ષકાર તરીકે સામેલ કરવામાં આવેલ નથી, આ સંજોગોમાં ડાયરેકટર સામે ફરીયાદ ચાલી શકે નહી. ફરીયાદ પક્ષે નામદાર સર્વોચ્ચ અદાલત '**Dhanasingh Prabhu v. Chandrasekar (2025 (0) AIJEL-SC 75554)**' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો પર આધાર રાખી એવી રજુઆત કરેલ છે કે, પેઢીને પક્ષકાર બનાવ્યા વગર પણ તેના ડાયરેકટરો સામે કાર્યવાહી ચાલી શકે. પરંતુ નામદાર કોર્ટે તે હકીકત ભાગીદારી પેઢીના સંદર્ભમાં ઠરાવેલ છે. આ કામે ફરીયાદી એવા કેસ સાથે આવેલ છે કે, આરોપીઓ '**J.P.Frution and JPFX Asset Managment**' કંપનીના

ડાયરેક્ટર છે. ભાગીદારી પેઢીમાં નહી પરંતુ કંપનીમાં રોકાણ કરેલ હોવાનુ ફરીયાદીનુ કથન છે. સમગ્ર ફરીયાદ અને ફરીયાદીનુ સરતપાસનુ સોગંદનામુ ધ્યાને લેવામાં આવે તો તેમાં કયાંય સદર સંસ્થા ભાગીદારી પેઢી છે તેવુ કથન નથી. આ સંજોગોમાં નામદાર કોર્ટે ઠરાવેલ બાબતો ફરીયાદ પક્ષના કેસના સમર્થનમાં છે તે રીતે તેને ધ્યાને લઇ શકાય તેમ નથી. સમગ્ર કેસ જયારે કંપનીમાં રોકાણ સંદર્ભે નો છે, આરોપી ને કંપનીના ડાયરેક્ટર તરીકે દર્શાવવામાં આવેલ છે, ત્યારે તે સંજોગોમાં કંપની પક્ષકાર હોય તે જરુરી છે. આ સંદર્ભે આરોપી તરફે રજુ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલત 'Krishna Texport and Capital Markets Ltd. v. Ila A. Agrawal (2015 (8) SCC 28)' તથા નામદાર સર્વોચ્ચ અદાલત 'Aneeta Hada v. Godfather Travels & Tours (P) Ltd. (2012 (5) SCC 661)' ના ચુકાદામાં ઠરાવેલ બાબતો માનસહ વંચાણે લીધેલ છે.

(૭.૧૫) સમગ્રપણે જોવામાં આવે તો, કેસના કામે રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદગ્રસ્ત ચેક વસુલાત અર્થે બેંકમાં પ્રસ્તુત કરતા તે વગર વસુલાતે પરત ફરેલ હોવાનુ નકારી શકાય તેમ નથી, એ જ રીતે ચેક રીટર્ન થયા બાદ આરોપીઓ ને ડિમાન્ડ નોટીસ આપવામાં આવેલ હોવાનુ પણ નકારી શકાય તેમ નથી. પરંતુ જે કથીત જવાબદારીના સંદર્ભમાં ચેક ઇશ્યુ કરવામાં આવેલ હોવાનુ કથન કરવામાં આવેલ છે તેનુ તથા તે સંદર્ભે ના કલમ- ૧૩૯ ના અનુમાનનું ખંડન કરતી બાબતો રેકર્ડ પર આવેલ છે. કંપનીને અલગથી પક્ષકાર પણ બનાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં આરોપી સામેનો આક્ષેપીત **ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ- ૧૩૮ મુજબનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોવાનુ ઠરાવી, એ રીતે મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.**

<u>મુદ્દા નં.૨ ::-</u>

:: હુકમ ::

૧. આરોપી **૧) પુર્વેશ ગીરીશચંદ્ર શાહ, ૨) સેજલ પુર્વેશ શાહ** અને **૪) રવિ અંધારીયા** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ –૨૫૫(૧) અન્વયે તેઓ સામેના આક્ષેપીત **ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ – ૧૩૮** મુજબના ગુન્હાના કામે **નિર્દોષ** ઠરાવવામાં આવે છે.

૨. આરોપી નં. ૩ જીનેશ પુર્વેશ શાહ સામે કેસની કાર્યવાહી કવોસ કરતો હુકમ નામદાર હાઈકોર્ટે કરેલ છે.

૩. આરોપી નં.૧, ૨ અને ૪ નાઓના જામીન અને જાત મુચરકા રદ કરવામાં આવે છે. સદર આરોપીએ અપીલ સમય સુધીના રકમ રુા. ૧૦,૦૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

૪. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તા. ૦૬/૦૬/૨૦૨૬ દશરથસિંહ જાલમસિંહ પરમાર
૧૭માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪૮, અમદાવાદ શહેર.
જી.જે.૦૧૧૭૧

U.M.LIMBACHIYA
P.A.